# તલોદ ખારાના મુવાડાના ગામજનો પાણી માટે વલખા મારે છે

## ગામની મહિલાઓએ ત્રણ કિલોમીટર દૂર રાત્રિના સમયે ખેતરોમાં પાણી ભરવા જાય છે

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં આવેલ અને રોઝડગામ પંચાયતનું પેટા પરુ ખારા ના મુવાડા ના રહીશો પાણી માટે વલખા મારે છે તો ગ્રામજનોનો આક્ષેપ છે કે તંત્રના પાપે હાલ પાણી માટે અમારું ગામ તરસે મળે છે.

તલોદ તાલુકાનું એક એવું ગામજે સાબરકાંઠામાં તેના મોટા



તળાવ ને લઈને જાણીતું છે જી હા જો સાબરકાંઠામાં કોઈ મોટામાં મોટું તળાવ આવ્યું હોય તો તે તલોદના ખારા ના મુવાડા ખાતે આવેલ છે અને આ તળાવને લઈને આજુબાજુમાં આવેલા ૫૦ થી ૬૦ ગામજનોને લાભ થતો હોય છે અને આજુબાજુના ખેતરોમાં પણ પાણીના સ્તર ઊંચા રહે છે પણ છેલ્લા બે વર્ષથી આ તળાવમાં એક પણ ટીપું પાણી નથી તો બીજી બાજુ સરકાર કે સ્થાનિક જિલ્લા તંત્ર દ્વારા આ તળાવ ભરવા કે ચોમાસા પહેલા ઊંડુ કરાવવા કે હાલ કોઈ યોજના દ્વારા પાણી ભરવામાં આવ્યું નથી જો તળાવમાં પાણી




ભરવામાં આવે તો ખારાના મુવાડા સહિત ૫૦ થી ૬૦ ગામોને સિંચાઈનું પાણી સહિત પશુ પંખીઓને પણ પાણી મળી રહે તો આ ગામમાં ૫૦૦ થી વધારે વસ્તી ધરાવતુ આ ગામ છેલ્લા બે વર્ષથી ગામજનોને પાણી માટે વલખા મારવા પડે છે અને ગામ થી દૂર ત્રણ થી પાંચ કિલોમીટર ખેતરોમાં ગામની મહિલાઓ દ્વારા પાણી ભરવા જવું પડે છે તો બીજી બાજુ બોર ઉપર રાત્રિનું લાઈટ હોવાથી મહીલાઓ રાત્રે અંધારામાં પાણી ભરવા મજબુર બની છે અને અને ઉજાગરા કરવાનો વારો આવ્યો છે તો ગ્રામજનોનો આક્ષેપ છે કે અમારે છેલ્લા બે વર્ષથી પાણીની સમસ્યા છે ત્યારે માત્ર એક દિવસ અગાઉ રોજડ ગામ પંચાયત દ્વારા ટેન્કર આપી માત્ર ફોટો સેકસન કરાવવામાં આવી હતું તો તો આજે કોઈ ટેન્કર પણ દેખાયું નથી ત્યારે નેતાઓ પણ માત્ર વોટ માટે જ ગામમાં આવ્યા છે અને છેલ્લા બે વર્ષથી



પાણીની સમસ્યા હોવા છતાં કોઈ ડોક્યુ પણ કર્યું નથી ત્યારે હાલ તંત્ર માં પાણી માટે નવીન બોર કે પાઈપ લાઈન દ્વારા પાણી આપવું કે સબ બનાવી પાણી આપવા સહિત ની ગામજનો દ્વારા રજુઆતો કરવામાં આવી છે પણ તંત્ર દ્વારા હાલતો તૈયાર બાનુ આગળ ધરી દે છે કે અત્યારે આચાર સંહિતા હોવાથી કઈ થાય નહી પણ સાહેબ પાણી માટે તો આ ગામના રહીશો બે વર્ષ થી તંત્ર ના પાપે પાણી વગર મળવા નો વાળો આવ્યો છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક કોઈ પગલાં ભરવામાં આવે તેવી માગ પણ ગ્રામજનો દ્વારા ઉઠવા પામી છે.

## ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાની ઘણીબધી ગ્રામ પંચાયતોમાં શૌચાલયો જ નથી

ખેડબ્રહ્મા તાલુકા અને પોશીના તાલુકા ગ્રામ અને તાલુક પંચાયત મારફત નાગરિકો માટે શૌચાલય બનાવી રહી છે. શહેર તેમજ ગામડામાં રુપિયા બાર હજારની રકમ ખર્ચીને શૌચાલયો બનાવી રહ્યા છે ખેડબ્રહ્મા તાલુકા નાં અનેક પોશીના સહિત રાજ્યના અનેક તાલુકા ઓડીએફ જાહેર થયા છે. જોકે ઉત્તર ગુજરાતની મોટાભાગની ગ્રામ પંચાયતો ખુદ શૌચાલય વિહોણી હોવાનું સામે આવ્યું છે. ખેડબ્રહ્મા અને પોશીના તાલુકા માં તપાસ કરવામાં આવે તો ઘણા બધી પચાયતો શૌચાલય વિહોણી છે આખા ગામનો વહીવટ કરતી કચેરી શૌચાલય વગર સ્વચ્છ ભારત સ્વચ્છ અભિયાનનો ઢોલ વગાડી રહી છે. જ્યારે ખેડબ્રહ્મા તાલુકા માં અમુક અને પોશીના તાલુકા માં નવી બાંધકામ સિવાય ની બધી ગ્રામ પંચાયત આવેલી છે.જે શૌચાલય વિહોણી છે પંચાયતના સરપંચ અને તલાટી સ્વચ્છ ભારત મિશન માટે ઘેર ઘેર શૌચાલય ઉભા કરાવી રહ્યા છે. જોકે આખા ગામના વિકાસનું બજેટ તૈયાર કરતી અને વહીવટ કરતી ગ્રામ પંચાયત કંગાળ હોવાના સવાલો થઈ રહ્યા છે.

બંને તાલુકા માં તાજેતરમાં બનેલી અને મોડેલ ગ્રામ પંચાયતને બાદ કરતાં સરેરાશ મોટાં ભાગની ગાર્મ પંચાયત પાસે શૌચાલય નથી. વેરો ભરવા, દાખલો કઢાવવા સહિતના વિવિધ કામોએ આવતાં ગ્રામજનો એટલે કે અરજદારોને કમસે કમ શૌચાલયની વ્યવસ્થા આપવામાં રાજ્ય સરકાર અને ગ્રામ પંચાયત નિષ્ફળ જઈ રહી છે.

આ રહ્યા કારણો.. ૧. ગ્રામ પંચાયત શૌચાલયનું મેન્ટેનન્સ કરી શકે તેમ નથી. ૨. ઉપયોગ દરમિયાન બેદરકારી થતી હોવાનો સ્વીકાર ૩. નાણાભીડ સૌથી મોટી સમસ્યા ૪. જાહેર જાગૃતિ સામે નિરાશા આ તમામ પ્રકારના કારણો સહિતની બાબતોને પગલે ગ્રામજનોને જાહેર શૌચાલય મળી શકતું નથી. માત્ર શૌચાલય જ નહિ અનેક ગ્રામ પંચાયતોમાં પિવાના પાણી અને બેસવા સહિતની પાયાની સગવડો અપૂરતી છે.

## આદિવાસી સમાજનું ગૌરવ વધાર્યું

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજનું



ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.અમદાવાદની સંત કબીર હાઈસ્કુલમાં અભ્યાસ કરતા મીલર હસમુખભાઈ મડીયાએ (CBSC Board) ધોરણ.૧૨ સાયન્સની તાજેતરમાં લેવાયેલ પરીક્ષામાં ૯૪ % મેળવી ઝળહળતી સિધ્ધી શૈક્ષણિક ક્ષેત્રમાં હાંસલ કરતાં અરવલ્લી જીલ્લા સહિત ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજનું ગૌરવ વધારતાં સામાજીક આગેવાનોએ વિદ્યાર્થીને બિરદાવ્યો હતો.મીલર હસમુખભાઈ મડીયા શૈક્ષણિક ક્ષેત્રમાં શરૂઆતથી જ સ્કુલમાં પ્રથમ નંબરે ઉર્તીણ થઈ રહ્યો છે.મીલર મડીયા Bombay IIT માંથી Computer Science માં એન્જિનીયર બની Indian Service C માં જવા માગે છે.મીલર મડીયાના પિતા ભાજપના રાજકીય આગેવાન અને એન્જિનીયર છે.માતા નીલાબેન મડીયા M.Sc Biology સાથે ઉચ્ચ ડીગ્રી ધરાવે છે.મીલર મડીયા માતા-પિતાના પગલે ઉચ્ચ કોટીનું શિક્ષણ મેળવીને સમાજમાં નામ રોશન કરવા માગે છે.

## અરવલ્લીમાં નક્સલી હુમલાના ૧૬ શહીદ જવાનો માટે શ્રદ્ધાંજલિ આપવનું ચુક્યા નેતાઓ..!

મોડાસા, તા. ૪

સમગ્ર દેશમાં દેશભક્તિના સર્ટિફિકેટ વહેંચવામાં અને શહીદોના નામે રાજકારણ કરવામાં રાજકીય પાર્ટીના નેતાઓ અને કાર્યકરોમાં હોડ જામતી હોય છે રાજકીય લોલુપતા સંતોષાઈ જાય પછી દેશભક્તિ ગાયબ થઈ જતી હોય છે. પાકિસ્તાન સામે કે પાકિસ્તાન તરફથી થતા આતંકવાદી હુમલામાં શહાદત વહોરતાં જવાનોને જ શહીદ ગણાવા તેવું કદાચ દેશના પ્રજાજનોના મગજમાં રાજકારણીઓ એવું ઠસાવવામાં સફળ રહ્યા હોય તેવા દ્રશ્યો મહારાષ્ટ્રના ગઢ ચિરોલીના નક્સલી હુમલામાં ૧૬ જવાનો શહીદ થયા પછી મોટા ભાગના નેતાઓ અને કાર્યકરો શ્રદ્ધાંજલિ આપવાની માનવતા નેવે મુકતા સમગ્ર દેશ અરવલ્લી જીલ્લામાં જોવા મળતા નિવૃત્ત લશ્કરી જવાનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યા છે.

શ્રદ્ધાંજલિ તો ઠીક પરંતુ પાકિસ્તાની ત્રાસવાદી મસૂદ અઝહરને આંતરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરતા ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોએ ફટાકડા ફોડી આતાશબાજી કરી નિર્ણયને વધાવી લીધો હતો અને ૧૬ શહીદ જવાનોની શ્રદ્ધાંજલિ કોરાણે મૂકી દીધી હતી.

પુલવામામાં આતંકી હુમલામાં ૪૦થી વધુ જવાનો શહીદ થતા સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળ્યો હતો અને ઠેર ઠેર શ્રદ્ધાંજલિ કાર્યક્રમ અને સહાયનો ધોધ વહ્યો હતો જેમાં અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં પણ વિવિધ રાજકીય પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, વેપારી સંસ્થાઓ અને સેવાકીય સંસ્થાઓએ શ્રદ્ધાંજલિ અર્પી કેન્ડલમાર્ચ યોજી અને સહાયનો પણ ધોધ વહાવ્યો હતો જાણે દેશભક્તિ ફૂટીફૂટીને બહાર આવી રહી હોય કે પછી દેખાદેખી શ્રદ્ધાંજલિ કાર્યક્રમો સપ્તાહ સુધી અવિરતપણે ચાલુ રહ્યા હતા. ત્યારે ૧ મે ના દિવસે મહારાષ્ટ્રના ગઢ ચિરોલીના નક્સલી હુમલામાં ૧૬ જવાનો શહીદ થતા સમગ્ર દેશમાં શોકની લાગણી છવાઈ હતી.

મહારાષ્ટ્રના જોંભુરખેડા ગામ નજીક ગઢ ચિરોલી વિસ્તારમાં નક્સલીઓએ આઈડી વિસ્ફોટ કરતા ૧૬ જવાનો શહીદ થયા હતા પરંતુ કેમ જાણે કેમ ૧૬ શહીદ જવાનો પ્રત્યે અરવલ્લી જીલ્લાના રાજકીય પાર્ટીના નેતાઓ, કાર્યકરો અને વિવિધ સંસ્થાઓએ શ્રદ્ધાંજલિ આપવાથી દૂર રહેતા અનેક તર્ક વિતર્ક પેદા થયા છે. જીલ્લાના નિવૃત્ત જવાનોમાં પણ નેતાઓ અને કાર્યકરોની દોગલી નીતિ સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

## પ્રાંતિજ વડવાસા પાસેથી આઠ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ટોલનાકા પાસે આવેલ વડવાસા પાટીયા પાસેથી સાબરકાંઠા હાઈવે પોલીસે ૮,૨૦,૮૦૦નો વિદેશી દારૂ ભરેલ ટ્રક સાથે ત્રણને ઝડપી પાડયા હતા.

પ્રાંતિજ ટોલનાકા પાસેથી સાબરકાંઠા હાઈવે પોલીસ દ્વારા બાતમીના આધારે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી ટ્રક જી.જે.૦૯.એક્સ.૯૦૮૩માં ભરેલ વિદેશી દારૂ કે જે ખાલી સિમેન્ટના કટ્ટાની આડમાં લઈ જવાતો વિદેશી દારૂ બોટલ બિયર ટીન મળી કુલ-૮૨૦૮ જેની કિંમત- ૮,૨૦,૮૦૦ તથા ટ્રકની કિંમત ૭,૫૦,૦૦૦ તથા મોબાઈલ નંગ -૩ જેની કિંમત કુલ-૧૫૦૦ મળી કુલ-૧૫,૭૨,૩૦૦ના મુદ્દામાલ સાથે નરેન્દ્રસિંહ રણજીતસિંહ ચુડાવત રહે. હરીદર્શન



ચોકડી, સબરી ડુપ્લેક્સ, નવા નરોડા અમદાવાદ, રણજીતસિંહ નવલસિંહ ચુડાવત રહે. થડા તા. સલુંમ્બર, જીલ્લો ઉદેપુર, કિરણકુમાર મોતીલાલ પટેલ રહે. સબરી ડુપ્લેક્સ કૃષ્ણનગર, નવા નરોડા અમદાવાદ ત્રણની અટકાયત કરી હતી અન્ય બે જેમાં કૈલાસ મારવાડી, કલાલ નામનો માણસ સહિત પાંચ વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. સાબરકાંઠા ટ્રાફિક પોલીસ શાખા હેડ કોન્સ્ટેબલ નવીનભાઈ ગલબાભાઈની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનો નોધી ત્રણની અટકાયત કરી મુદ્દામાલ કબ્જે લઈ આઈપીસી કલમ-૬૫ઈ, ૧૧૬ બી, ૮૧,૮૩ ,૯૮(૨) મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસાઈ બી.એન. ચૌધરી દ્વારા તપાસ હાથ ધરવામા આવી છે. પકડાયેલો વિદેશી દારૂ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કોર્ટસ બિલ્ડીંગ જમીનદોસ્ત કરવાનું હોય અને અન્ય જગ્યાએ મુકવાની જગ્યા ના હોવાથી પ્રાંતિજ પોલીસ દ્વારા ગાંભોઇ પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલો વિદેશી દારૂ ખસેડવામાં આવ્યો હતો.

## પીવાના પાણીની તંગી નિવારવાના સઘન પગલાં માટે મોડાસામાં કાર્યકરોની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકાઓના ગામો તેમજ મોડાસા અને બાયડ શહેરોમાં કાળઝાળ ઉનાળે પીવાના પાણીની ઉભી હાલ અછતની સ્થિતિ ઉભી થઈ છે તેવા જિલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ સઘન પ્રયાસોના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની તંગી તેમજ આગેવાનોએ પાણીના પ્રશ્ને કરેલી રજૂઆતો અંગે ઉકેલની દિશામાં વહેલી તકે કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું. આ ખાસ બેઠકમા પ્રારંભે મહામંત્રી




થયેલી સમસ્યા તેમજ જ્યાં પાણી સમસ્યા સર્જાય તેવી શક્યતાઓ છે તેવા તમામ વિસ્તારોમાં પીવાના પાણીની તંગી નિવારવાના સઘન પગલાં માટે તમામ તાલુકા અને બે શહેરોના હોદ્દેદારો-કાર્યકરો સાથે આજરોજ મોડાસા ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રભારી મંત્રી રમણલાલ પાટકર અને જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં ખાસ બેઠક યોજાઇ હતી.

રાજ્યમાં જે જિલ્લાઓમાં યુદ્ધના ધોરણે હલ કરવા યોજાયેલી આ બેઠકમાં પ્રભારી મંત્રી રમણલાલ પાટકરે જિલ્લાના જુદા જુદા વિસ્તારના પાણી પ્રશ્નો અંગે કાર્યકરો પાસેથી રજુઆત મેળવી હતી અને બોર, હેડપમ્પ મરામત, બોર હોય, પાણી હોય પણ વીજ જોડાણ ન હોય તેવા પ્રશ્નો અંગે અને ટેન્કરથી પાણી પહોંચાડવાની તાતી જરૂર હોવા અંગેની આવેલી રજૂઆતો પણ સાંભળી હતી.

બેઠકમાં ઉપસ્થિત જે તે તાલુકાના પ્રમુખ, મહામંત્રીઓ શામળભાઈ પટેલે સૌને આવકારી લોકસભાની ચૂંટણીમાં ખભેખભા મિલાવીને પરિણામલક્ષી કામગીરી કરવા બદલ સૌનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા. આ બેઠકમાં પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, પ્રદેશ સભ્ય કનુભાઈ પટેલ, મોડાસા પાલિકા પ્રમુખ સુભાષભાઈ શાહ, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, જીલ્લાના અને તાલુકાના વિવિધ મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લાના ચણાના ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર લીંભોઈ કેન્દ્ર પર ખેડૂતોની લાંબી લાઈનો

મોડાસા, તા. ૪

રવિ સીઝન ૨૦૧૮-૧૯ માર્કેટયાર્ડમાં ચણાના ટેકાના ભાવ કરતા ખુબ નીચા ભાવે વેપારીઓએ અગમ્ય કારણોસર ચણાની ખરીદીમાં ધીમી પ્રક્રિયા ચાલતા ટેકાના કેન્દ્ર પર ખરીદી પ્રક્રિયામાં સંકળાયેલ અધિકારી અને



દરમિયાન ટેકાના ભાવે મગ, ચણા અને રાયડાની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા પુરવઠા નિગમને જવાબદારી સોંપી છે. અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ઓનલાઈન રજીસ્ટ્રેશન હેઠળ ૯૨૮ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. મોડાસાથી ૧૦ કિમિ દૂર આવેલા લીંભોઈ કેન્દ્ર પર શરૂઆતમાં રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતો મેસેજ કરવા છતાં ચણા બજારમાં ટેકાના ભાવ વધુ મળતા ખેડૂતો બરોબર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં કે ખુલ્લા બજારમાં વેચી દીધા હતા પરંતુ ખરીદી શરુ કરતા ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ખેડૂતોની લાંબી કતારો લાગી હતી.

શનિવારે મોડાસાના લીંભોઈ ખાતે આવેલા ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર વહેલી સવારે ટ્રેક્ટર સહીત વિવિધ વાહનો મારફતે ચણા લઈ વહેલી સવારે ૪ વાગ્યાથી લાઈનમાં લાગતા ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર સમયસર ખરીદી કરનાર કર્મચારી ના હોવાના આક્ષેપ સાથે ખેડૂતોએ રોષ ઠાલવતા અને કેન્દ્ર પર ૫૦ થી વધારે ટ્રેક્ટર લાઈનમાં ઉભા રહ્યા હોવા છતાં સ્ટાફના અભાવે કે



ખેડૂતોએ હોબાળો મચાવતા જવાબદાર તંત્રના અધિકારીઓમાં ભારે દોડધામ મચી હતી.

ધમધોખતા તાપમાં ચણાના કર્મચારીઓ સમયસર ઉપસ્થિત રહેતા ન હોવાથી ખેડૂતોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાનું આક્રોશપૂર્વક જણાવ્યું હતું.

## ખેડા જિલ્લામાં હેન્ડ પંપ મરામત માટે સાત ટીમ કાર્યરત

ખેડા, તા. ૪

પીવાના પાણીની સમસ્યા અંગે હેલ્પલાઈન નંબર '૧૯૧૬' પર ફરિયાદ કરી શકાશે.

ખેડા જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા નિવારવા માટે હેન્ડપંપ રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં હેન્ડપંપ મરામત માટે સાત ટીમ કાર્યરત કરવામાં આવી છે.

પાણી પુરવઠા બોર્ડ દ્વારા ૧૯૧૬ હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવ્યો છે. નાગરિકો પીવાના પાણીની રજૂઆત આ નંબર પર કરી શકે છે. આ નંબર પર થયેલ ફરિયાદનો ૨૪ કલાકમાં જ ઉકેલ કરવામાં આવે છે.

હેન્ડપંપ રીપેરીંગ માટે માતર-નડિયાદ-મહુધા-મહેમદાવાદ, વસો અને ખેડા તાલુકાના ગામો માટે ટે.નં.૦૨૬૮-૨૫૫૦૬૪૧ તથા કપડવંજ-કઠલાલ-ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના ગામોના નાગરિકો ટે.નં.૦૨૬૮-૨૫૪૬૮૭ ઉપર રજૂઆત કરી શકશે.

### ખેડા જિલ્લામાં ૧૪ જુથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા

## ૬૬૫ ગામ/પરાઓમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે

ખેડા, તા. ૪

ખેડા જિલ્લામાં ઉનાળાની સીઝનમાં નાગરિકોને પીવાનું પુરતું પાણી મળી રહે તે માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા ૧૪ જુથ પાણી પુરવઠા યોજના દ્વારા ૧૪૩ ગામોમાં, સ્વતંત્ર પાણી પુરવઠા યોજના દ્વારા ૩૭૪ તેમજ મીની પાણી પુરવઠા યોજનાઓ દ્વારા ૧૪૮ ગામોમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહયું હોવાનું કાર્યપાલક ઈજનર કે.એસ. ડાંગીએ જણાવ્યું છે.

ડાંગીએ જણાવ્યું કે, ખેડા જિલ્લામાં ૩૮૧૧ હેન્ડ પંપ, ૪૩૫ પાતાળકુવા અને ૧૪૮ મીની પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં ૧૬૦.૬૫ એમએલડી સોર્સ અને ૪.૯૫ એમએલડી નર્મદા યોજનાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.